98 B

શાસ્ત્ર ... ૩૭

દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા પુસ્તક ૨૯ મું

સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

# મોટા પાઠો

: લેખક :

ગિજુભાઈ

16000133

આર. આર. શેઠ ની કું.
રૂ. ૦-૪-૦
સુધારેલી કિંમત.

૨૯

: પ્રકાશક :

આર. આર. શેઠની કંપની : મુંબઈ

૧૯૪૦

આ કિંમત આનો
આર. આર. શેઠ ની કું.

શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા પુસ્તક ૨૯ મું.

સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

# મોટા પાઠો

: લેખક :

ગિજુભાઈ

卐

: પ્રકાશક :

આર. આર. શેઠની કંપની : મુંબઈ

૧૯૪૦

કિં. દોઢ આનો

: પ્રકાશક :
ભુરાભાઈ ર. શેઠ
આર. આર. શેઠની કં.
પ્રિન્સેસ સ્ટ્રીટ: મુંબઈ: ૨

: મુદ્રક :
ગુણવંતરાય ગી. મજમુંદાર
લોકસેવા પ્રેસ
દાંડિયા બજાર, વડોદરા

* *

બાલસાહિત્યમાળાનાં
બધાં ૮૦ પુસ્તકો
સાથે
રૂ. ૬–૪–૦ માં મળશે.
ટપાલખર્ચ જુદું

કુલ નકલ ૮૪૧૦

| | | |
|---|---|---|
| પહેલી આવૃત્તિ | બીજી આવૃત્તિ | બીજી આવૃત્તિ |
| ચાર મુદ્રણો | પ્રથમ મુદ્રણ | દ્વિતિય મુદ્રણ |
| કુલ ૫૦૬૦ | ૨૨૦૦ નકલો | ૧૧૫૦ નકલો |
| * * * | એપ્રિલ ૧૯૩૫ | ૩૦ : ૬ : ૧૯૪૦ |

# મોટા પાઠો

## પતંગિયાં

બાગે બાગે ફૂલછોડ;
છોડે છોડે ફૂલ ફૂલ;
ફૂલે ફૂલે પતંગિયાં.
જાતજાતનાં પતંગિયાં;
ભાતભાતનાં પતંગિયાં;
રંગબેરંગી પતંગિયાં;
નાનાં મોટાં પતંગિયાં.
આવ, પતંગિયા! નહિ આવું.
તારી પાંખ પકડીશ; નહિ પકડાઉં.
તને રંગે રંગીશ; નહિ રંગાઉં.
તને અંગે અડીશ; ઊડી જઈશ.

## મખમલિયાં.

વા વાયો ને વાદળ ચડ્યું;
મેઘ ગાજ્યો ને પાણી પડ્યું;
ભોંય પલળી ને ખડ થયું;
ખડમાં જો મખમલિયું રહ્યું.
મખમલ જેવો તારો રંગ,
મખમલ જેવું તારૂં અંગ.
લાલ લાલ ને સુંવાળું,
સુંવાળું ને લાલ લાલ.
આવ, મખમલિયા ! આવ.
બાબી ! મને વીણવા દે;
મને એ પાળવા દે;
ડાબલીમાં ભરવા દે.
કેટલાં બધાં મખમલિયાં !
માણેક જેવાં મખમલિયાં !

# ટીડડાં.

ફળિયામાં આકડા,
વાડામાં આકડા;
જયાં જુઓ ત્યાં આકડા.
આકડે આકડે લીલાં પાન,
પાને પાને ટીડકરાજ.
જયાં જુઓ ત્યાં ટીડારાજ.
આમ ઊડે, તેમ ઊડે;
પાન ખાય, જાડા થાય;
જાડા થાય, ઇંડાં મૂકે;
ઇંડે ઇંડે ટીડડું ઊડે.
દીવા ફરતા ઊડયા કરે,
ખાવાટાણે ખાણે પડે,
ટપ ટપ કરતા માથે અડે,
ઊંચા થઈને નીચે પડે.
ટીડારાણા રામરામ;
ટીડારાણા શામશામ.

# માખનો વાઘ

વનના વાઘે વન ગાજે.
વનના વાઘે પશુ ભાગે.
વનનો વાઘ વાછડા જેવડો.
વનના વાઘે ચટાપટા.
આને વાઘ કેમ કહો છો?
માખી બેઠી ગણગણ કરે;
પાંખ પગને ફફડાવે;
ગોળ ખાંડ ચૂસે કરે;
વાઘ એના ઉપર પડે;
ઝટ દઈને પકડી પાડે.
માખીનો એ વાઘ છે;
માખીનો એ કાળ છે.
આ વાઘ ઘરમાં રહે,
માખી પાછળ ફર્યા કરે;
માખી દીઠી મૂકે નહિ,
એકે ચોટ ચૂકે નહિ.

# કરોળિયો

ઘરમાં ચાર ખૂણા છે.
ત્રણ ખૂણા ખાલી છે,
એક ખૂણે જાળું છે,
કરોળિયાનું થાણું છે,
લાળે લાળે બાંધ્યું છે.
મચ્છર નીકળ્યો;
આવો ભાઈ!
માખી નીકળી;
આવો બાઈ!
નજીક આવ્યે હડી કાઢે,
ઝટ દઈને ચોટ નાખે;
ચક્કર ચક્કર ફરવા માંડે.
લાળે લાળે વીંટી વાળે.
હાથ પગને બાંધી વાળે;
કેદી કરી તાબે કરે;
તાબે કરી ગળે ધરે.

# માખી

ગોળ ઉપર માખી;
ખાંડ ઉપર માખી;
થૂંક ઉપર માખી;
શેડા ઉપર માખી.
ગોળ ઉપરથી ગૂ ઉપર,
ને ગૂ ઉપરથી ગોળ ઉપર.
માખી તે કાંઈ ગંદી!
માખી તે કાંઈ મેલી!
ગંદી ગંદી ગંદકીભરી,
ખાવાના પર બેસે ઠરી.
ગંદું ગંદું ખાવું કરે,
નાની મોટી પીડા કરે.
ચાલો એને ઉડાડીએ.
ચાલો એને કાઢી મૂકીએ.
ચાલો બધું ઢાંકી દઈએ.
ચાલો ગંદકી બાળી દઈએ.

## મચ્છર

ગણુગણુ કરતા ફરતા ફરે;
જેને તેને કરડયા કરે;
દિ'એ સંતાકુકડી રમે;
રાતે ફરવા નીકળી પડે.
ચાલો એને કાઢી મૂકીએ.
ઝાપટ મારતાં નથી જતા;
પવન ફૂંકતાં નથી જતા;
ચાલો ત્યારે ધુમાડો કરીએ.
લોબાનથી એ નહિ જાય;
ગૂગળથી પણ નહિ જાય;
લીમડાથી એ ચાલ્યા જશે.
કાઢયા તોયે પાછા આવ્યા!
આ ખાડામાં મચ્છર છે;
પેલા ખાડામાં મચ્છર છે.
ઘાંસલેટ રેડો, ફિનાઈલ રેડો;
મચ્છરબચ્છર થશે નહિ, તો.

# ચકલી

આ માળામાં ચકલી છે.
ચકલીને ચાર બચ્ચાં છે.
ચારે બચ્ચાંને ચાંચો છે;
ચારે બચ્ચાંને પાંખો છે.
કુસુમબેન ચોખા લાવ્યાં;
ભાનુમતી તલ લાવ્યાં;
નભુભાઈ જાર લાવ્યા;
બાબીબેન મગ લાવ્યાં.
મગ તો કોઈ નથી ખાતું.
તલ બચ્ચાંને ભાવે છે.
ચોખા તો ચકલી ચણે છે.
જાર એને નથી ભાવતી.
લાવોને હવે પાણી પાઈએ?
ચકલીબાઈએ પાણી પીધું,
ચાંચે ચાંચે બચ્ચાંને પાયું.
ખાધું પીધું ને રાજ કર્યું.

# કાગડો

વંડી ઉપરથી વડ ઉપર,
ને વડ ઉપરથી વંડી ઉપર.
ખાટલેથી ખીંતીએ,
ને ખીંતીએથી ખાટલે.
'કા કા' કરતો કાગ ઊડે.
કબૂતર પકડું, ચકલી પકડું;
મોર પકડું, કાબર પકડું;
કોયલ પકડું, હોલું પકડું;
કાગડો કોઈથી ન પકડાય.
કાગડો કોઈથી ન છેતરાય.
વાણિયે એને પકડેલો;
એની એક વાર્તા છે;
સાચું ખોટું એ જાણે.
શિયાળે એને છેતરેલો;
એનીયે એક વાર્તા છે;
સાચું ખોટું એ જાણે.

# પોપટ

પાંજરામાં પોપટ છે.
પીળી લીલી પાંખ છે;
નમણું રાતું નાક છે;
ગળે કાળો કાંઠ છે.
પઢો, પોપટજી ! પઢો.
પઢે તે પોપટ, ન પઢે તે સૂડા;
પંખીની નાતમાં પોપટજી રૂડા.
પઢો, પોપટજી ! પઢો.
સીતા રામ પઢો,
શ્રી ભગવાન પઢો.
હંસાબેને પઢાવ્યા;
મનુભાઇએ પઢાવ્યા;
સૌએ એને પઢાવ્યા;
પોપટજી પઢી રહ્યા.

# પારેવાં

ઘરની ભીંતે ગોખલો છે;
ગોખલે પારેવાં બેઠાં છે.
ભૂરાં છે ને ભોળાં છે;
નર ને એક નારી છે.
સળીઓનું આ શું કરશો ?
એનો અમે માળો બાંધશું.
માળે તમે શું કરશો ?
માળે અમે ઈંડાં મૂકશું.
ઈંડાંમાંથી શું થશે ?
ઈંડાંમાંથી બચ્ચાં થશે.
બચ્ચાં પછી શું કરશે ?
મોટાં થઈને ઊડી જશે.
પછી તમે શું કરશો ?
પછી પાછો માળો બાંધશું
પછી પાછાં ઈંડાં મૂકશું.
પછી પાછું એનું એ.

## હોલું

ખોરડાને બે પડાળ;
એક પડાળ આ બાજુ,
ને બીજું પડાળ પેલી બાજુ.
વચ્ચે લાંબો મોભ હોય.
મોભે બેસી હોલું બોલે;
"ઘુઘુ...ઘુ, ઘુઘુ...ઘુ.
હું તો તેજુ....ડી
હું તો તેજુ....ડી."
બા, બા! શું બોલે છે?
એ તો હોલું બોલે છે;
જો પણે મોભ ઉપર.
હવે કાંઈક બીજું બોલે છે.
એ તો એમ બોલે છે:
"ભાભી...જી!
ઘઉં ભરડું કે કાંકરડાં?"
આ હોલું તો ભારે છે!

# ચીબરી

ચીબરીબાઈ! રામરામ;
ચીબચીબ.
ચીબરીબાઈ! શામશામ;
ચીબચીબ.
ચીબરીબાઈ! કેમ બેઠાં?
દિવસ છે.
ચીબરીબાઈ! ક્યારે ઊડશો?
રાત પડયે.
ચીબરીબાઈ! આંખ કેવી?
ગોળ ગોળ.
ચીબરીબાઈ! પાંખ કેવી?
પંખા જેવી.
ચીબરીબાઈ! ચાંચ કેવી?
ઘુવડ જેવી.
ચીબરીબાઈ! મોં કેવું?
ચીબરી જેવું.

# કૂકડી

ઘર પછવાડે વાડો છે;
વાડામાં એક ખાડો છે.
ખાડામાં બે બચ્ચાં છે;
કકડીનાં એ કચ્ચાં છે.
કૂકડી, કૂકડી ! રામરામ.
કૂકડે કુ, કૂકડે કુ.
અમારે બચ્ચાં જોવાં છે.
કૂકડે કુ, કૂકડે કુ.
અહા, તમારાં કાંઈ બચ્ચાં !
કૂકડે કુ, કૂકડે કુ.
એક અમને આપશો કે ?
કૂકડે કુ, કૂકડે કુ.
લ્યો, હવે રામરામ !
કૂકડે કુ, કૂકડે કુ.
કૂકડી કાંઈ ભલી છે !
કૂકડો કાંઈ ભલો છે !

# મોર

લીમડાને ડાળો છે.
ડાળે ડાળે મોર છે.
મોરે મોરે પીંછાં છે.
પીંછે પીંછે ટીલડી છે.
ટીલડીએ ટીલડીએ રંગો છે.
સવારે મોર કેમ બોલે ?
પિયુ પિયુ.
બપોરે મોર કેમ બોલે ?
ટેહુક ટેહુક.
સાંજે મોર કેમ બોલે ?
મેઆવ મેઆવ.
મોર રોજ કળા કરે.
કળા કરતો નાચ કરે.
ઢેલ નાચ ઝીલ્યા કરે.
નાચે નાચે ડોલ્યા કરે.
મોરપીંછાં ઝૂલ્યા કરે.

## માકડ

કેમ માકડભાઈ! કરડો છો?
ભૂખ લાગે તે શું કરીએ?
કેમ અમને કનડો છો?
શું કામ અમને રાખો છો?
કોણ તમને રાખે છે?
તમે અમને રાખો છો.
ક્યાં અમે રાખીએ છીએ?
ખાટલામાં, પલંગમાં;
ગાદલામાં, ગાદલીમાં;
ખાંકડામાં, ખુરશીમાં.
કેમે કરીને જવું છે?
કાઢો ત્યારે જઈએ ના.
કેમ કરીને કાઢીએ?
તેલ છાંટો, તડકે નાખો;
સ્વચ્છ રહો, સ્વચ્છ રાખો.
કોણ તમારે ત્યાં આવે છે?

# જૂ

જૂભાઈ, જૂભાઈ! ક્યાં રહેવાં?
રહેવાં માણસના માથામાં.
જૂભાઈ, જૂભાઈ! શું ખાઓ?
ખાઈએ માણસનું લોહી.
જૂભાઈ, જૂભાઈ! કેટલાં છોકરાં?
છોકરાંછૈયાં લાખમલાખ.
જૂભાઈ, જૂભાઈ. ક્યાંથી આવ્યાં
આવ્યાં અમે તળાવેથી,
આવ્યાં અમે પરસેવાથી,
આવ્યાં અમે દાંતિયેથી,
આવ્યાં અમે ગંદકીથી.
જૂભાઈ, જૂભાઈ! કેમ જશો?
માથું ઓળી નહાયે જશું,
પારાવાળા તેલે જશું,
દાકતરની દવાયે જશું,
માણસની ચોખ્ખાઈએ જશું.

# ગરોળી

આ ભીંતે ગરોળી,
પેલી ભીંતે ગરોળી;
રસોડામાં ગરોળી,
પાયખાનામાં ગરોળી;
ભીંતે ભીંતે ગરોળી,
જ્યાં જુઓ ત્યાં ગરોળી.
કેવી હોય એ ગરોળી ?
ચાર એને પગ છે,
બે એને આંખો છે,
એક એને પૂંછડી છે.
મગરની એ માશી હશે.
શું ખાય એ ગરોળી ?
માખીને એ ગળી જાય,
પતંગિયાને પકડી લે,
તીડડાંને નહિ જવા દે,
કૂદડાંને નવ દીઠાં મૂકે.

# કીડી

ઘેર ઘેર દર ઘણાં.
દરે દરે કણ ઘણા;
દરે દરે કીડી ઘણી;
ઘેર ઘેર દર ઘણાં.
જુઓ તો આ કીડીહાર !
એક પાછળ બીજી છે;
બીજી પાછળ ત્રીજી છે;
ત્રીજી પાછળ ચોથી છે.
એમ જાય પાછળ પાછળ.
જુઓ તો આ એની રીત !
પૂછયા વિના સાકર ખાય;
પૂછયા વિના ગોળ ખાય;
પૂછયા વિના કણ લે;
પૂછયા વિના મધ ચાટે.
પૂછયા વિના પાણી પીએ;
પૂછયા વિના આવે જાય.

# કાકીડો

વાડ ઉપર કાકીડો,
ઝાડ ઉપર કાકીડો;
બાવળ ઉપર કાકીડો,
આવળ ઉપર કાકીડો;
થોર ઉપર કાકીડો,
બોર ઉપર કાકીડો.

રમુ કહે: “ એ...પણે કાકીડો.”
લાલો કહે ચાલો એને ડોલાવીએ.”
ભાભા કહે: “ હું એને ડોલાવીશ.
‘ડોલ, કાકીડા ! ડોલ;
તારી વાડીમાં કમળફૂલ.’
અરે આ તો ડોક હલાવે છે !
વાહ, કાંઇ ડોક છે !
લાલ લાલ ચોળ છે.
‘ડોલ, કાકીડા ! ડોલ;
તારી વાડીમાં કમળફૂલ.”

# વીંછી

દોડો દોડો; વીંછી નીકળ્યો.
હા માળું, વીંછી છે કાંઈ!
લાવોને ઝટ સાણશી!
લાવોને કોઈ ચીપિયો!
એ ભાગ્યો, એ ભાગ્યો!
ભાગશે ક્યાં? આ દબાવ્યો.
લાવો હવે દોરો; આંકડો જ બાંધીએ.
જોજે હં, બરાબર બાંધજે.
વાહ વીંછીભાઈ! ભારે થઈ!
હવે બિચારો કેમ ચાલે?
બાંધ્યા પછી શું થાય?
અરે ભાઈ! એને છોડી દોને?
નારે ભાઈ! કરડી આવને?
છોડી દોને, છોડી દોને?
છેટે જઈને મૂકી દોને?

# ઉંદર

ભીંતોમાં ઉંદર છે.
ઉંદર નાના મોટા છે;
ઉંદર કાળા ભૂરા છે;
ઉંદર ભારે પાકા છે.
ચાલોને આપણે ઉંદર પકડીએ ?
ઉંદરિયાને અહીં મૂકો;
મહીં એક રોટલી નાખો.
હવે આપણે ખસી જાઓ;
આઘાપાછા થઈ જાઓ.
કેમ ભાઈ ! પકડાયા કે ?
રોટલી ખાવા આવ્યા'તા કે ?
કૂદી કૂદી ક્યાં જશો ?
ડોળા ફાડયેથી શું થશે ?
મૂછો હલાવ્યે શું વળશે ?
ચાલો તમને કોણ પૂરે !
ઉંદરભાઈને છોડી મૂક્યા.

# બિલ્લી

બિલ્લી અમે પાળી છે.
ડિલે આખે કાળી છે;
તીણા તીણા નખ છે;
ફૂણા ફૂણા પગ છે.
બિલ્લીબાઈ! કેમ બેસશો ?
ખોળે ચડી.
બિલ્લીબાઈ! કેમ બોલશો ?
મિયાંઉં મિયાંઉં.
બિલ્લીબાઈ શું ભાવે ?
ઉંદરબુંદર.
બિલ્લીબાઈ! શું પીશો ?
દૂધબૂધ.
બિલ્લીબાઈ! કેમ ખિજાશો ?
ઘુર્રર્ ઘુર્રર્.
બિલ્લીબાઈ! કેમ રીઝશો ?
ઉંહું ઉંહું.

## કુત્તો

કુત્તો અમારો ચોકીદાર.
ઘર ફરતો આંટા ફરે;
નવતર ભાળી ભસવા લાગે;
રાત આખી જાગ્યા કરે.
ચાલો એને જોવા જઈએ.
વાહ, કુત્તાભાઈ! વાહ!
ઝાડ થઈને છાતીએ ચડ્યા.
ખુશી થઈને મોં ચાટ્યું.
ભોંય પડીને પેટ દેખાડ્યું.
કેડ મરડીને પૂંછડી હલાવી
ઊંહું કરીને હેત બતાવ્યું.
વાહ, કુત્તાભાઈ! વાહ!
વાહરે તમારો પટ્ટો!
પટ્ટામાં કાંઈ નામ શોભે છે!
બસ, કુત્તાભાઈ! બસ!

## દેડકું

ઘરને બે ખાળ છે;
એક છે ઉગમણી, એક છે આથમણી.
એક ખાળે દેડકી રહે;
બીજી ખાળે દેડકો રહે.
ચાલોને આપણે પકડીએ ?
ધીરી થાને; એમ તે કાંઈ પકડાય ?
જોને એ કુદુક કરતું ભાગે છે ?
રૂમાલ નાખવા દે, રૂમાલ.
અરે એને આમ પકડોને ?
કાં ભાઈ ! ભાગ્યા'તા ને ?
ફૂલાવો હવે પેટ, ને હલાવો ટાટુડાં.
જુઓ તો કાંઈ હાંફે છે !
એ દેડકાભાઈ ! જરા ગાણું તો ગાઓ !
એ, જવા દ્યો, જવા દ્યો;
આ પેલી દેડકી મૂંઝાય છે.
એ કૂદ્યા; એ કૂદ્યા; એ ખાળમાં પેઠા !

# શેળો

ગોળ ગોળ દડયો જાય;
વાડે વાડે પડયો જાય;
સાપ મળે તો સામો થાય
પૂંછડી પકડી બેસી જાય.
માથું કૂટી સાપ મરે;
શેળો બેઠો મોજ કરે:
પાણી ભાળી પાછો ફરે;
પાણી છાંટયે રીડયું કરે.
પાણીમાં જો પડી જાય;
ચારે પગે તરવા ધાય.
ઉંદર જાતે શેળો જાત;
અંગે કાંટા એક લાખ.
ઉંદર ચાલે ચાલ્યો જાય;
અડતાં ગોળા જેવો થાય.
શેળો વાડે વાડે દડે;
શેળો સાપની પાછળ પડે:

# ખિસકોલી

આવો, ખીલીબાઈ! આવો.
ઝટપટ દોડી આવો;
પૂંછડી હલાવતાં દોડી આવો;
આમ તેમ જોતાં આવો.
કાં ખીલીબાઈ! શું ખાશો ?
ફળ ખાશું,
ફૂલ ખાશું,
દાણા ખાશું,
અન્ન ખાશું.
વાહ ! ખીલીબાઈ કાંઇ બેઠાં છો !
આ તો બેઠાં માણસ જેમ;
આ તો બેઠાં વાંદર જેમ.
ત્યારે તમારી વાર્તા છે.
ત્યારે તમને ગાર આવડે.
ત્યારે તમને ફોલતાં આવડે.
ત્યારે તમને રાજા પરણે.

# બકરી

પાડોશમાં એક બકરી છે,
બકરીને બે બચ્ચાં છે;
એક બચ્ચું કાળું છે;
બીજું બચ્ચું ધોળું છે.
ચાલો જઈએ બકરી પાસે.
અરે આ તો ધાવે છે.
બચબચ કરતાં ધાવે છે.
ડોક હલાવતાં ધાવે છે,
ખુશ ખુશ થતાં ધાવે છે.
માશી, માશી ! બચ્ચાં લઈએ ?
આપણે એને પાળીએ ?
બા, બા ! જો તો ખરી ?
કેવું એનું નાક છે !
કેવી એની પૂંછડી છે !
કેવું કેવું સુંવાળું છે !
કેવું રૂપાળું બોલે છે !

## સસલું

ઘરમાં એક પાંજરૂં છે.
પાંજરામાં સસલું છે.
સસલાને મેં પાળ્યું છે.
કાં સસાભાઈ! શું ખાધું?
ઘરો ખાધી,
ચણા ખાધા,
રજકો ખાધો.
કાં સસાભાઈ! નહાયા ધોયા?
નાનાભાઈએ નવરાવ્યા;
મોટીબેને ધોવરાવ્યા.
કાં સસાભાઈ! શું કરશો?
બાબુ સાથે કૂદકા મારશું.
બચુના હાથમાં નહિ આવીએ.
વાહ, સસાભાઈ સાંકળિયા!

# ગલૂડિયાં

કૂતરી વિયાઈ; કૂતરી વિયાઈ.
ગલુ જોવા; ગલુ જોવા.
ચાલો ચાલો; ચાલો ચાલો.
કાળુ ગલુ મનુનું;
રાતું ગલુ રૂખીનું;
ધોળું ગલુ ચંપાનું
ને કાબરૂં ગલુ મારૂં.
ચાલો આપણે રોટલા લાવીએ.
"આઈ માઈ, કૂતરી વિયાઈ;
ધાન દો કે ધોકે દો."
ઘણાં ઘર માગી વળ્યાં.
લે મોતી! રોટલો ખા.
લે મોતી! પાણી પી.
જો મોતી! ગલુને ખૂબ ધવરાવજે.

# ગાય

ગમાણે ગાય છે.
ગાયને શીંગડાં છે.
શિંગડીએ રંગ છે.
ચાલોને આપણે પાણી પાઇએ ?
જમુભાઇ ! ડોલ લાવો;
જશીબેન ! પાણી લાવો.
પો પો; ત્રો ત્રો !
પીઓ, માવડી ! પીઓ.
ઠંડાં પાણી પીઓ;
મીઠાં પાણી પીઓ;
પો પો, ત્રો ત્રો !
એક ડોલ ખાલી થઈ;
બીજી ડોલ ખાલી થઈ;
ત્રીજી ડોલ ખાલી થઈ;
ચોથી ડોલે ધરાઈ ગયાં !

# ભેંશ

વાડામાં એક ભેંશ છે.
ભેંશને બે શિંગ છે,
શિંગ ગોળ ગોળ છે.
પાછળ મોટું માથું છે.
ચાલો જોવા, ભેંશ દોહે છે.
ખાટલી ઉપર બેઠો છે.
કોણ છે એ ? રઘુ ભરવાડ ?
હા, બા ! હું ભેંશ દોહું છું.
આ મારૂં નોંજણું છે;
આમાં હું દૂધ દોહીશ.
' ઝમઝમ, સરડસરડ ! '
બોઘરણું આખું ભરાઈ ગયુ.

# ઘોડો

તબેલામાં ઘોડો છે.
ચાલો આપણે જોવા જઈએ.
ઓહો, આતો હણહણ્યો !
એ તો આપણને બોલાવ્યા.
કાં ઘોડાભાઈ ! ખડ ખાશો કે ?
કાં ઘોડાભાઈ ! પાણી પીશો કે
રમજુ વિના નહિ ખાઓ ?
રમજુ વિના નહિ પીઓ ?
રમજુ તમને પાણી પાય;
રમજુ તમને ચંદી આપે.
રમજુ તમને માલેશ કરે;
રમજુ તમારી પથારી કરે.
રમજુ તમારો દોસ્તદાર !
લ્યો ઘોડાભાઈ ! રામરામ.
પાછા ઘોડાભાઈ હણહણ્યા !
એ તો એમાં "આવજો, આવજો."

# વેલ

માંડવડે વેલ છે.
વેલે લીલાં પાન છે;
પાને પાને ફૂલ છે;
ફૂલે ફૂલે વાસ છે.
ચાલોને આપણે ફૂલ વીણીએ ?
આ ડાળે તમે વીણો;
આ ડાળે તમે વીણો;
આ ડાળે હું વીણીશ;
આ ડાળે નાની વીણશે.
આ ડાળે લેશો નહિ;
આ ડાળે કળીઓ છે.
ફૂલનો મોટો ગંજ થયો.
દેવીબેને વેણી ગૂંથી;
બચુભાઈએ હાર કર્યો;
નાનીબાએ થાળ ભર્યો;
તોયે ફૂલ વધી પડ્યાં !

# તુલસી

ક્યારામાં તુલસી છે;
નાની નાની ડાળો છે;
ડાળે ડાળે પાન છે;
પાને પાને માંજર છે;
રાધા રમણ જળ લાવ્યાં;
સીતા રામ ફૂલ લાવ્યાં;
નથુ નટુ ચંદન લાવ્યા;
જમુ વજુ ધૂપ લાવ્યા;
રાધાએ નવરાવ્યાં;
રમણે ચંદન કર્યું;
સીતાએ ફૂલ ચડાવ્યાં;
રામે સામે ધૂપ ધર્યો;
નથુ નટુએ આરતી કરી;
જમુ વજુએ નૈવેદ્ય ધર્યું;
પૂજા કરી પગે લાગ્યાં;
નમણ લઇ આંખે અડાડયાં;

# લીમડી

લીમડીએ લીંબોળી આવી.
કાચી આવી, પાકી આવી;
લીંબોળીથી લચી પડી;
લીંબોળીથી નમી પડી.
ચાલો આજ લીંબોળી લેવા;
મળશે આજે મીઠા મેવા.
લખુ ઝાડ ઉપર ગયો;
રમુ કમુ હેઠે રહ્યાં.
લીંબોળીને તોડતો જાય;
ટપટપ હેઠે નાખતો જાય.
રમુ કમુ વીણતાં જાય;
ખોબા મોટા ભરતાં જાય.
પાકી પાકી જુદી કરી,
કાચી કાચી દૂર કરી.
પાકી પાકી ખાઈ ગયાં,
કાચી કાચી નાખી દીધી.

# પીંપર

ફળિયામાં પીંપર છે.
પીંપળને ડાળીઓ છે;
ડાળે ડાળે પાન છે;
પાને પાને પેપડી છે.
ચાલોને આપણે પેપડી લઈએ ?
વિજુ કુસુએ કાછડા વાળ્યા;
થડ થોભીને ઉપર ચઢી;
પેપડી ખોળે ભરવા માંડી.
વિજુબેન ! અમને આપોને ?
કુસુબેન ! અમને આપોને ?
લલ્લુ રૂખીએ ખોળા ધર્યા;
વિજુ કુસુએ પેપડી નાંખી.
પેપડી લઈને ઘેર આવ્યાં.
સૌના સરખા ભાગ પાડયા.
ફરતાં જાય ને ખાતાં જાય;
ખાતાં જાય ને ફરતાં જાય.

# બોરડી

ખેતરે ખેતરે શેઢા,
ને શેઢે શેઢે બોરડી.
બોરડી, બોરડી, તે કાંઇ બોરડી !
નકરી બોરડી જ બોરડી.
ચાલો છોકરાં ! બોરાં વીણીએ;
રાતાં રાતાં બોરાં વીણીએ;
પાકાં પાકાં બોરાં વીણીએ;
વીણી વીણીને ખિસ્સાં ભરીએ.
ઓહો, કાંઈ બોર છે !
ઓહો, કાંઈ મીઠાં છે !
લે, જમુભાઈ ! થોડાંક લે.
મારી પાસે બહુ છે.
લ્યો, સંતોકબેન ! તમે લ્યો.
મેં આજે બહુ ખાધાં.
ચાલો હવે ઘેર જઇએ;
થોડાંક બોર લેતાં જઈએ.

# દરેક ઘરમાં હોવું જ જોઈએ

## શ્રી દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિરનાં

### બાલસાહિત્યનાં તેમજ બીજાં પુસ્તકો

| | | | |
|---|---|---|---|
| ૧ | બાલસાહિત્યમાળા પુ. ૧ થી ૮૦ના સેટના | | ૬-૪-૦ |
| ૨ | બાલસાહિત્યગુચ્છ પુ. ૧ થી ૨૫ના સેટના | | ૨-૧૧-૬ |
| ૩ | બાલસાહિત્યવાટિકા પુ.૧ થી ૩૫ના દરેકના | | ૦-૫-૦ |
| ૪ | બાળવાર્તા ભા. ૧ થી ૫ | શ્રી ગિજુભાઈ ,, | ૦-૬-૦ |
| ૫ | કિશોરકથાઓ ભાગ ૧-૨ | ,, ,, | ૦-૬-૦ |
| ૬ | રખડુ ટોળી ખંડ ૧-૨ | ,, ,, | ૦-૮-૦ |
| ૭ | ધર્માત્માના ચરિત્રો | ,, | ૦-૮-૦ |
| ૮ | ઈસપનાં પાત્રો : ગધેડા : | ,, | ૦-૫-૦ |
| ૯ | બાળ લોકગીતસંગ્રહ ભા. ૧ થી ૨ દરેકના | | ૦-૩-૦ |
| ૧૦ | પ્રાસંગિક મનન | | ૦-૮-૦ |
| ૧૧ | મહાભારતના પાત્રો ભા. ૧ થી ૧૨ | શ્રી નાનાભાઈ | ૪-૦-૦ |
| ૧૨ | રામાયણના પાત્રો ૧ થી ૫ | ,, | ૧-૭-૦ |
| ૧૩ | હિંદુધર્મની આખ્યાયિકાઓ ખંડ ૧ થી ૨ | શ્રી નાનાભાઈ દરેકના | ૦-૮-૦ |
| ૧૪ | શરશય્યા પરથી | | ૦-૬-૦ |
| ૧૫ | બાલરામાયણ | | ૦-૧૦-૦ |
| ૧૬ | ભગવાન બુદ્ધ | | ૦-૩-૦ |
| ૧૭ | સો કે નાં પરાક્રમો | | ૦-૩-૦ |
| ૧૮ | રંગરેખા | સોમાલાલ શાહ | ૨-૮-૦ |

સોલ એજન્ટ્સ

આર. આર. શેઠની કં. બુકસેલર્સ-પ્રિન્સેસ સ્ટ્રીટ-મુંબઈ ૨